# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*********************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે દેશ ટૂંક સમયમાં નક્સલવાદ અને માઓવાદી હિંસાથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે**
2. **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખનૌમાં બ્રહ્મોસ મિસાઇલોની પ્રથમ બેચને લીલી ઝંડી આપી**
3. **પ્રધાનમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીએ ધનતેરસના પાવન દિવસે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી**
4. **મોઝામ્બિકમાં બોટ પલટી જતાં ત્રણ ભારતીય નાગરિકોના મોત અને અન્ય પાંચ ગુમ**
5. **ગુજરાતમાંથી ઔદ્યોગિક મીઠાની પહેલી રેલ ખેપ જમ્મુ-કાશ્મીરના અનંતનાગ સ્ટેશન પર પહોંચી**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM MAOIST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશ ટૂંક સમયમાં નક્સલવાદ અને માઓવાદી હિંસાથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે. તેમણે કહ્યું કે, છેલ્લા 11 વર્ષમાં માઓવાદી આતંકવાદનો સામનો કરવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

શ્રી મોદીએ ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં એક ટીવી ચેનલ દ્વારા આયોજિત વિશ્વ સમિટમાં બોલતા આ વાત કહી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, માઓવાદી આતંકવાદ એ દેશના યુવાનો માટે એક મોટો અન્યાય અને ગંભીર પાપ સમાન છે. તેમણે કહ્યું કે, છેલ્લા દાયકામાં હજારો નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે, હિંસાનો માર્ગ છોડી દીધો છે, જેમાં છેલ્લા 75 કલાકમાં 303 નક્સલીઓનો સમાવેશ થાય છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

શ્રી મોદીએ કહ્યું કે, તેમની સરકારે 2014 થી ગેરમાર્ગે દોરાયેલા યુવાનોને મુખ્ય પ્રવાહમાં ફરીથી જોડવા માટે સંપૂર્ણ સંવેદનશીલતા સાથે કામ કર્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, માઓવાદીઓ હવે વિકાસના મુખ્ય પ્રવાહમાં પાછા ફરી રહ્યા છે અને ખુલ્લેઆમ સ્વીકારી રહ્યા છે કે તેઓ ખોટા માર્ગ

પર હતા. તેમણે કહ્યું કે, આ દિવાળી, માઓવાદી આતંકવાદથી મુક્ત થયેલા પ્રદેશો નવી ખુશી સાથે ઉજવણી કરશે, ખુશીના દીવા પ્રગટાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UP RAJNATH BRAHMOS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે ઉત્તર પ્રદેશના લખનૌમાં બ્રહ્મોસ એરોસ્પેસ યુનિટ ખાતે ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઇલોના પ્રથમ બેચને લીલી ઝંડી આપી હતી.

લખનૌ બ્રહ્મોસ યુનિટ ઉત્તર પ્રદેશ સંરક્ષણ કોરિડોરમાં પ્રથમ સુવિધા છે જ્યાં મિસાઇલ સિસ્ટમ ઉત્પાદનથી લઈને અંતિમ પરીક્ષણ સુધીની સમગ્ર પ્રક્રિયા સ્વદેશી રીતે હાથ ધરવામાં આવે છે. આ કાર્યક્રમ દરમિયાન, સંરક્ષણ મંત્રી અને મુખ્યમંત્રીએ બૂસ્ટર બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું અને બૂસ્ટર ડોકીંગ પ્રક્રિયાનું પ્રદર્શન નિહાળ્યું..

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DHANTERAS

દેશભરમાં આજે ધનતેરસનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. ધનતેરસને ધન ત્રયોદશી અને ધનવંતરી જયંતિ તરીકે પણ ઓળખવામાં

આવે છે. લોકો આ દિવસને નવી ખરીદી કરવા માટે શુભ માને છે, ખાસ કરીને સોના-ચાંદીની વસ્તુઓ અને નવા વાસણોની મોટાપાયે ખરીદી થાય છે.. આ દિવસે ઉપકરણો અને ઓટોમોબાઈલની ભારે ખરીદી પણ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-DHANTERAS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે આજે ધનતેરસ નિમિત્તે લોકોને શુભેચ્છાઓ પાઠવી.**

**સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ આ પ્રસંગે દરેક માટે સુખ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. તેમણે આશા વ્યક્ત કરી કે ભગવાન ધનવંતરી બધા નાગરિકો પર પોતાના પુષ્કળ આશીર્વાદ વરસાવે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHAH-DHANTERAS

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ધનતેરસના શુભ અવસર પર નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે ભગવાન ધન્વંતરીને દરેકના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સૌભાગ્ય માટે પ્રાર્થના કરી.**

ભાજપ પ્રમુખ જગત પ્રકાશ નડ્ડાએ પણ સમૃદ્ધિ, આરોગ્ય અને સુખાકારી માટે પ્રાર્થના કરતા પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી. તેમણે આશા વ્યક્ત કરી કે દેવી લક્ષ્મી અને ભગવાન ધન્વંતરીના આશીર્વાદ બધા માટે સંપત્તિ, સમૃદ્ધિ અને આનંદ લાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MOZAMBIQUE-BOAT MISHAP

મોઝામ્બિકમાં, પૂર્વ આફ્રિકન દેશના મધ્ય ભાગમાં આવેલા બેરા બંદરના દરિયાકાંઠે ક્રૂ ટ્રાન્સફર કામગીરી દરમિયાન ટેન્કરમાંથી ક્રૂ સભ્યોને લઈ જતી એક બોટ પલટી જતાં ઓછામાં ઓછા ત્રણ ભારતીય નાગરિકોના મોત અને અન્ય પાંચ ગુમ છે.

મોઝામ્બિકમાં ભારતીય હાઈ કમિશને જણાવ્યું હતું કે આ ઘટના ગઈકાલે બની હતી. કુલ 14 ભારતીય નાગરિકોને લઈને જતી આ બોટ દરિયાકાંઠે લંગરાયેલા જહાજમાં ક્રૂ ટ્રાન્સફર દરમિયાન પલટી ગઈ હતી.

સોશિયલ મીડિયા પર ઘણી પોસ્ટ્માં, ભારતીય હાઈ કમિશને જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો. હાઈ કમિશને વધુમાં પુષ્ટિ આપી હતી કે અકસ્માતમાંથી પાંચ ભારતીય નાગરિકોને સફળતાપૂર્વક બચાવી

લેવામાં આવ્યા છે અને તેઓ સુરક્ષિત છે. અન્ય એક વ્યક્તિ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

દરમિયાન, ગુમ થયેલા પાંચ ભારતીય નાગરિકોને શોધવા માટે શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે. સ્થાનિક સત્તાવાળાઓ, દરિયાઈ એજન્સીઓ અને ભારતીય મિશન સંયુક્ત રીતે પ્રયાસોનું સંકલન કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## GST REFORMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ અને ગયા મહિનાની 22મી તારીખે અમલમાં મુકાયેલ GST બચત મહોત્સવ સમાજના દરેક વર્ગને લાભ આપી રહ્યો છે. GST સુધારાઓ અર્થતંત્રને કેવી રીતે વેગ આપી રહ્યા છે તે અંગે એક લાભાર્થીનો અહેવાલ.

(ઓટોમોબાઇલ - બાઇટ)

એલઆઈસીના વીમા ધારકોને પણ લાભ મળી રહ્યો છે, આ સરકારનો સારો નિર્ણય છે તેવું લાભાર્થીએ જણાવ્યુ.

**(એલઆઇસી - બાઇટ)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UAE-GAZA AID

**સંયુક્ત આરબ અમીરાત- UAEનું એક સહાય જહાજ, ઓપરેશન ચિવલરસ નાઈટ થ્રી, આજે ગાઝા પટ્ટી માટે રવાના થયું, જેમાં 7 હજાર**

**200** ટન રાહત પુરવઠો છે, જેમાં ખાદ્ય પુરવઠો અને તબીબી સહાયનો સમાવેશ થાય છે.

ઓપરેશન ચિવલરસ નાઈટ થ્રી વૈશ્વિક માનવતાવાદી પ્રયાસો પ્રત્યે **UAE** ની લાંબા સમયથી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે અને સંકલિત અને અસરકારક કટોકટી પ્રતિભાવના વૈશ્વિક ઉદાહરણ તરીકે સેવા આપે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SALT TRANSPORTION

ગુજરાતમાંથી ઔદ્યોગિક મીઠાની પહેલી રેલ ખેપ કશ્મીર પહોંચી. કશ્મીર ઘાટીમાં માલ પરિવહન ક્ષેત્રે એક ઈતિહાસરૂપ સફળતા પ્રાપ્ત થઈ છે. એક **350** ટન ઔદ્યોગિક મીઠાની પહેલી રેલ ખેપ ગુજરાતના અમદાવાદ મંડળના ખારાઘોડા સ્ટેશનથી જમ્મુ-કાશ્મીરના અનંતનાગ સ્ટેશન પર સફળતાપૂર્વક પહોંચી છે. આ રેલ રેક લગભગ બે હજાર કિલોમીટરનો અંતર કાપીને ખારાઘોડાથી અનંતનાગ પહોંચી.

ખારાઘોડા ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું એક પ્રસિદ્ધ મીઠા ઉત્પાદન ક્ષેત્ર છે, જે લિટલ રણ ઓફ કચ્છની સીમા પર વસેલું

છે.ખારાઘોડાનું મીઠું તેની ઉચ્ચ ગુણવત્તા અને શુદ્ધતા માટે જાણીતું છે. અહીં બનેલું મીઠું 98 ટકાથી વધુ સોડિયમ ક્લોરાઈડ ધરાવે છે.

આ ક્ષેત્રમાં આવેલી રિફાઈનરીઓ ઔદ્યોગિક અને ખાદ્ય બંને પ્રકારના મીઠાનું ઉત્પાદન કરે છે.આ ખેપનું ઉપયોગ ચામડાંના ઉદ્યોગ, સાબુ બનાવટ અને ઈંટ ભઠ્ઠીઓમાં કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CAMPAGIAN

ત્રણ મહિનાના રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અભિયાન "**आपकी पूँजी, आपका अधिकार**"ના પહેલા તબક્કાનું સંકલન DFS દ્વારા 15થી 17 ઓક્ટોબર 2025 દરમિયાન 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 25 જિલ્લાઓમાં કરવામાં આવ્યું હતું. વિવિધ જિલ્લાઓમાં જિલ્લા સ્તરના આઉટરીચ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધ્યાન કેન્દ્રિત આઉટરીચ અને અસરકારક જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમો રાજ્ય સ્તરના બેંકર્સ સમિતિઓ અને રાજ્ય સ્તરના વીમા સમિતિઓ દ્વારા સંબંધિત લીડ ડિસ્ટ્રિક્ટ બેંકો સાથે સંકલનમાં, DFS ના એકંદર માર્ગદર્શન અને દેખરેખ હેઠળ યોજવામાં આવ્યા હતા.

**નાગરિકોને દાવો ન કરાયેલ નાણાકીય સંપત્તિઓની તપાસ કરવા અને સરળતાથી દાવાઓ શરૂ કરવા માટે હેલ્પડેસ્ક અને ડિજિટલ કિઓસ્ક દ્વારા સહાય કરવામાં આવી હતી.**

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR-POLLS

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રોની આજે ચકાસણી થશે.

આ તબક્કામાં અઢાર જિલ્લાઓની ૧૨૧ વિધાનસભા બેઠકો માટે ૬ નવેમ્બરે મતદાન યોજાશે. પ્રથમ તબક્કા માટે કુલ ૧ હજાર ૬૯૮ ઉમેદવારી પત્રો દાખલ થયા છે. ઉમેદવારો સોમવાર સુધી પોતાના ઉમેદવારી પત્રો પરત ખેંચી શકશે.

આ દરમિયાન, બીજા તબક્કાની ચૂંટણી માટે અત્યાર સુધીમાં ૨૯૦ ઉમેદવારી પત્રો દાખલ થયા છે. આ તબક્કામાં વીસ જિલ્લાઓની ૧૨૨ વિધાનસભા બેઠકો માટે ૧૧ નવેમ્બરે મતદાન યોજાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .